અપીલ અરજી નં.૮૯ તા.૨૩–૫ –૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી કમલેશ એસ. સોની
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કમલેશ એસ. સોનીની તા.૪–૪–૧૧ ની અરજીથી રામીપાર્ક સોસાયટીમાં આવેલ (બ્લોક નં.૧૪) સનરાઈઝ વિદ્યાલય મોજે ડીંડોલી જે રામીપાર્ક સોસાયટીનાં કોમન પ્લોટમાં આવેલ છે. જેમાં ચાર માળનું બાંધકામ કરવામાં આવેલ છે. વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૨૩–૫–૧૧ ની **SMC/FAP/** નં.૮૯/૨૦૧૧–૧૨

શ્રી કમલેશ એસ. સોનીની તા.૪–૪–૧૧ ની અરજીથી રામીપાર્ક સોસાયટીમાં આવેલ (બ્લોક નં.૧૪) સનરાઈઝ વિદ્યાલય મોજે ડીંડોલી જે રામીપાર્ક સાોસાયટીનાં કોમન પ્લોટમાં આવેલ છે. જેમાં ચાર માળનું બાંધકામ કરવામાં આવેલ છે. વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતિ આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૩–૫–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૫૮ તા.૨૬–૫–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૯૩૩ તા.૨૨–૩–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૨૮ તા.૨૮–૪–૧૧ ના પત્રની નકલ તથા સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૯૨૬ તા.૨૧–૬–૧૧ ના પત્રથી આપેલ માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૪–૪–૧૧ ની અરજીથી રામીપાર્ક સોસા. અને સનરાઈઝ વિદ્યાલયના બાંધકામ બાબતે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૨૮ તા.૨૮–૪–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ. જે બાબતે અરજદારે તા.૨૩–૫–૧૧ ના રોજ માંગવામાં આવેલી માહિતી છુપાવી રાખી માહિતી નહીં આપનાર અધિકારી ઉપર દંડકીય કાર્યવાહી કરવાની રજૂઆત કરતી અપીલ અરજી તા.૨૩–૫–૧૧ ના રોજ કરવામાં આવેલ. ત્યાર બાદ જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૯૨૬ તા.૨૧–૬–૧૧ થી વધુ સ્પષ્ટતા કરતો પત્ર અરજદારને પાઠવવામાં આવેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં.(૧) રામીપાર્ક સોસા.માં આવેલ (બ્લોક નં. ૧૪) સનરાઈઝ વિદ્યાલય મોજે ડીંડોલી જે રામીપાર્ક સોસા.ના કોમન પ્લોટમાં આવેલ છે જેમાં ચાર માળનું બાંધકામ કરવામાં આવેલ છે હમો અરજદાર ધ્વારા તા.૧૩–૨–૧૦ ના રોજ આરટીઆઈ ધ્વારા માહિતી બાંધકામ બાબત માંગવામાં આવેલ તેના જવાબમાં લીંબાયતઝોન ધ્વારા એવી માહિતી આપવામાં આવેલ છે કે આ બાંધકામ બાબત અમારી પાસે કોઈ પણ જાતની માહિતી નથી હમો ધ્વારા આસી. ઈજનેરશ્રી વિનોદભાઈ લોહારને આ બાંધકામ બાબત પૂંછતાં તેમણે કીધુ કે સનરાઈઝ વિદ્યાલય જે રામીપાર્કના કોમન પ્લોટમાં આવેલ છે તે ગેરકાયદેસર છે મને ખબર છે પણ મારા ઉપરી અધિકારી ડે.ઈજનેરશ્રી જે.એલ.ભટ્ટ સાહેબ કાઈ કરતાં નથી તો અમે શું કરીએ એવો જવાબ આપેલ તો આ સનરાઈઝ વિદ્યાલયનું જે ચાર માળનું બાંધકામ સોસા.ના કોમન પ્લોટમાં આવેલ છે તેના ઉપર આ અધિકારીઓ ધ્વારા કેમ કોઈ પગલા લેવામાં આવતા નથી તેની સંપૂર્ણ માહિતી વિગતવાર ગુજરાતીમાં આપશોજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રામીપાર્ક સોસ. બ્લોક નં.૧૪ ના સમાવેશ સુડા ટીપી સ્કીમ નં.૬૯ (ગોડાદરા–ડીંડોલી) માં થાય છે તથા સદર જગ્યામાં અગાઉ સુડા ધ્વારા નં.સુડા/વિપઅ/યુ–૪/ ૫૮૭૮ તા.૩૦–૭–૦૩ થી પ્લાન મંજુર કરવામાં આવેલ છે તથા હાલમાં કોઈ નવું બાંધકામ ચાલુ નથી તેવું જણાવેલ. ત્યાર બાદ અપીલ તબકકે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૯૨૬ તા.૨૧–૬–૧૧ ના પત્રથી વધુ સ્પષ્ટતા કરતા મોજે ડીંડોલી બ્લોક નં.૧૪ માં આવેલ રામીપાર્ક સોસા.માં સુડા ધ્વારા નં.સુડા/વિપઅ/યુ–૪/૫૫૪૯/૫૮૭૮ તા.૩૦–૭–૦૩ થી કોમન પ્લોટમાં ગ્રાઉન્ડ ફલોરના સ્કુલ બિલ્ડીંગ સહિતના લે–આઉટ પ્લાન મંજુર કરવામાં આવેલ છે તથા હાલમાં સીઓપીમાં કોઈ નવું બાંધકામ ચાલુ હોવાનું ધ્યાને નથી. તેવું જણાવેલ છે. (૨) રામીપાર્ક સોસા.માં આવેલ (બ્લોક નં.૧૪) સનરાઈઝ વિદ્યાલય મોજે ડીંડોલી જે સોસા.ના કોમન પ્લોટમાં આવેલ છે તેને મંજુરી કયા કયા વર્ષમાં આપવામાં આવેલ અને સનરાઈઝ વિદ્યાલયમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના સ્વાથ્ય માટે કઈ કઈ સુવિધા આપવામાં આવે છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રામીપાર્કમાં કોમન પ્લોટમાં આવેલ સનરાઈઝ વિદ્યાલય અંગેની કોઈ મંજુરી લીંબાયતઝોન કક્ષાએથી આપવામાં આવેલ નથી. શાળાના વિદ્યાર્થીઓના સ્વાથ્ય માટે આપવામાં

આવતી સુવિધાઓ  બાબતે કોઈ માહિતી ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. ત્યાર બાદ અપીલ તબકકે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૯૨૬ તા.૨૧–૬–૧૧ ના પત્રથી વધુ સ્પષ્ટતા કરતા ઉકત મિલ્કતમાં મંજુરી સુડા તા.૩૦–૭–૦૩ થી આપવામાં આવેલ છે. ત્યાર બાદ અન્ય કોઈ મંજુરી આપવામાં આવેલ હોય તેની કોઈ માહિતી લીબાંયતઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. (૩) સનરાઈઝ વિદ્યાલય જે સોસા.ના કોમન પ્લોટમાં આવેલ છે જેમાં ચાર માળનું બાંધકામ કરવામાં આવે છે. તો આ બાંધકામ ગેરકાયદેસર છે ખબર હોવા છતાં અધિકારી ધ્વારા કોઈ પણ જાતના પગલા કેમ લેવામાં આવ્યા નથી ડીંડોલી વિસ્તાર કયા અધિકારીની નિમણુંક કરવામાં આવેલ તેનું નામ અને મોબાઈલ નંબરની વિગત અને કોઈ પગલા કેમ લેવામાં આવ્યા નથી તેની વિગત ની સંપૂર્ણ માહિતી ગુજરાતીમાં આપશોજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સનરાઈઝ વિદ્યાલય બાબતે સ્થળ તપાસ કરતાં સ્થળ પર કોઈ નવું બાંધકામ ચાલુ હોવું ધ્યાને નથી. સુડા સમયથી સદર મિલ્કત હયાત હોવાનું જણાય છે. જે જાણશો. તેવું જણાવેલ છે. ત્યાર બાદ અપીલ તબકકે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૯૨૬ તા.૨૧–૬–૧૧ ના પત્રથી વધુ સ્પષ્ટતા કરતા ઉકત મિલ્કતમાં સુડા ધ્વારા આવેલ મંજુરી સિવાય અન્ય કોઈ મંજુરી આપવામાં આવેલ નથી તથા હાલમાં સદર મિલ્કતનાં સીઓપીમાં કોઈ નવું બાંધકામ ચાલુ હોવાનું ધ્યાને નથી જે જાણશો તેવું જણાવેલ છે. આમ જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૪–૦૪–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૦૭–૨૦૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ,....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી કમલેશ એસ. સોની,